દાખલ થયા તારીખ :–૧૦–૦૧–૨૦૨૫
રજી.લીધા તારીખ :–૧૦–૦૧–૨૦૨૫
ફેંસલ થયા તારીખ :–૩૦–૦૪–૨૦૨૫
સમય:– વર્ષ માસ દિવસ

**અમદાવાદ શહેરના મહે.૧૯મા એડિશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૧૩)(શ્રી એ. જી. ઓઝા) સાહેબની કોર્ટમાં, મુ. અમદાવાદ.**

ફોજદારી કેસ નં.૭૩૯૫/૨૦૨૫.
આંક:–૧૪.

શ્રી સરકાર **.....ફરિયાદી**

**વિરુધ્ધ**

**૦૧.** સુખદેવ ઉર્ફે સુખલાલ પ્રકાશભાઈ સોનવણે, ઉ.વ.૪૦, **......આરોપીઓ**

**૦૨.** રાજેશ ઉર્ફે રાજન પ્રકાશભાઈ સોનવણે, ઉ.વ.૩૪,
બંને રહે. કાંતિલાલની ચાલી,
પ્રવિણ માસ્ટરની ચાલીની બાજુમાં,
કંકેશ્વર મહાદેવ મંદિરની પાસે,
હરિપુરા, ખોખરા, અમદાવાદ શહેર.

**ગુનો:–** ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૨૯૬(ખ), ૫૪ અને જી. પી. એકટની કલમ ૧૩૫ મુજબ.

ફરિયાદપક્ષ તરફે:– વિ.એ.પી.પી.શ્રી ટી. જે. વ્યાસ
આરોપીઓ તરફે :– વિ.વકિલ શ્રી એમ. એમ. શેખ

**–::/ /ચુકાદો/ /::–**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી ચેતન ઉર્ફે ચિરાગ પ્રતાપજી ઠાકોર, ઉ.વ.૨૯નાઓ તેમના પરિવાર સાથે મકાન નં.૦૧, સોમાભાઈની ચાલી, પૂજા પેટ શોપની બાજુમાં, હરિપુરા, ખોખરા, અમદાવાદ શહેર ખાતે રહે છે અને અસલાલી ખાતે કાર્ગો એસ્કોટ

કંપનીમાં ટ્રક ડ્રાઈવર તરીકે કામ કરે છે. આરોપી નં.૦૨ના ફરિયાદી સાથે મજુરી કામે આવે છે. ફરિયાદીના શેઠ ફરિયાદીને મજુરીના રૂપિયા ચુકવે ત્યારબાદ ફરિયાદી આરોપી નં.૦૨ને તેની મજુરીના પૈસા ચુકવે છે.

ગઈ તા.૨૯–૦૯–૨૦૨૪ના કલાક સવારના દસેક વાગ્યે ફરિયાદી ધીરજ હાઉસિંગ ખાતે ગયેલ ત્યારે આરોપી નં.૦૨નાએ ફરિયાદી પાસે ફરિયાદીને "મારે હાલ પૈસાની જરૂર છે, મને મજુરીના પૈસા આપ, બાદમાં હું તારે ત્યાં કામ ઉપર આવીશ" તેમ કહેતાં ફરિયાદીએ પૈસા આપવાની ના પાડતાં આરોપી નં.૦૨નાએ ઉશ્કેરાઈ જઈ ફરિયાદીને બિભત્સ ગાળો આપવા લાગતાં ફરિયાદીએ ગાળો બોલવાની ના પાડતાં આરોપીએ કયાંકથી લોખંડની પાઈપ લઈ આવી ફરિયાદી સાથે બોલાચાલી કરવા લાગેલ અને તે સમયે આરોપી નં.૦૧ના પણ ત્યાં આવી ગયેલ અને બંને આરોપીઓએ એક સંપ થઇ ફરિયાદીને ગડદાપાટુનો માર મારવા લાગેલ અને આરોપી નં.૦૨નાએ ફરિયાદીને માથામાં લોખંડનો પાઈપ મારી સ્વૈચ્છાપૂર્વક વ્યથા નિપજાવી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ હોવાની ફરિયાદ કરેલ છે.

(૨) ફરિયાદીએ બનાવ અંગે ફરિયાદ આપેલ જે ફરિયાદ ખોખરા પોલીસ સ્ટેશનમાં પાર્ટ–એ ગુ.રજી.નં.૧૧૧૯૧૦૦૩૨૪૦૪૬૮/૨૦૨૪થી નોંધાયેલ. બાદ આ ગુના અંગે તપાસનીશ અધિકારીએ તપાસ કરી લાગતા વળગતાં સાહેદોના નિવેદન લીધેલ. બાદ આરોપીઓને ધોરણસર અટક કરી તપાસના અંતે પુરતો પુરાવો જણાતાં આરોપીઓ વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૨૯૬(ખ), ૫૪ અને જી. પી. એકટની કલમ ૧૩૫ મુજબના આક્ષેપિત ગુનાનું ચાર્જશીટ કરેલ છે.

(૩) આ કામના આરોપીઓને સમન્સ કરતાં આરોપીઓ હાજર થતાં આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે આપી આંક–૦૪થી તહોમતનામું ફરમાવી આરોપીઓ સામેના આક્ષેપો તેઓને વાંચી સંભળાવી તથા સમજાવી આંક–૦૫થી આંક–૦૬ સુધી ગુનાની પ્લી લેતાં, આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતાં કામ ફરિયાદપક્ષના પુરાવા માટે રાખેલ.

(૪) આ કામે ફરિયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

(એ) **મૌખિક પુરાવા**

| **ક્રમ નં.** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
|---|---|---|
| ૦૧ | ફરિયાદી ચેતન પ્રતાપજી ઠાકોરની જુબાની | ૦૭ |

(બી) **દસ્તાવેજી પુરાવા**

| **ક્રમ નં.** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
|---|---|---|
| ૦૧ | ફરિયાદની નકલ | ૦૮ |
| ૦૨ | ગુનાવાળી જગ્યાના પંચનામાની નકલ | ૦૯ |
| ૦૩ | મુદ્દામાલ રીકવરી પંચનામાની નકલ | ૧૦ |
| ૦૪ | ફરિયાદીના ઈજા પ્રમાણપત્રની નકલ | ૧૧ |
| ૦૫ | હથિયારબંધી જાહેરનામાની નકલ | ૧૨ |
| ૦૬ | કલોઝીંગ પુરસીસ | ૧૩ |

(૫) આ કામે ફરિયાદપક્ષે મૂળ ફરિયાદીએ આંક-૧૩થી ફરિયાદપક્ષનો પુરાવો પુરો કર્યાનું જાહેર કરતી પુરસીસ રજુ કરેલ છે. બાદ વિ.એ.પી.પી.શ્રીએ પુરાવો પુરો થયાનું મૌખિક જાહેર કરતાં, રજુ પુરાવો જોતાં આરોપીઓનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો જણાતો ન હોય, વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૬) ફરિયાદપક્ષ તરફે રજુ કરવામાં આવેલા પુરાવાઓ તેમજ દલીલો ધ્યાને લેતાં આ કેસના આખરી નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-::મુદ્દા::-**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા.૨૯-૦૯-૨૦૨૪ ના કલાક સવારના દસેક વાગ્યે ધીરજ હાઉસિંગ ખાતે આરોપીઓએ ફરિયાદીને બિભત્સ ગાળો આપી ગડદાપાટુનો માર મારી આરોપી નં.૦૨નાએ ફરિયાદીને માથામાં લોખંડની પાઈપ મારી સ્વૈચ્છાપૂર્વક વ્યથા નિપજાવી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી

તેમજ હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૨૯૬(ખ), ૫૪ અને જી. પી. એકટની કલમ ૧૩૫ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

**(૭)** ઉપરોકત મુદ્દાના કારણોની ચર્ચા કરી છે તે મુજબ નિર્ણયો નીચે મુજબ છે.

(૧)નકારાત્મક. (૨)આખરી હુકમ મુજબ.

**(૮)** ઉપરોકત નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**::–કારણો–::**

**<u>મુદ્દા નંબરઃ–૧</u>**

**(એ)** આ કામે મુદ્દા નં.૧ની ચર્ચા કરતાં પહેલા એ નોંધવું જરૂરી છે કે, ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૨૯૬(ખ), ૫૪ અને જી. પી. એકટની કલમ ૧૩૫ મુજબ આરોપીઓએ ફરિયાદીને બિભત્સ ગાળો આપી ગડદાપાટુનો માર મારી આરોપી નં.૦૨નાએ ફરિયાદીને માથામાં લોખંડની પાઈપ મારી સ્વૈચ્છાપૂર્વક વ્યથા નિપજાવી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી તેમજ હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરેલ હોવાનો આક્ષેપ છે ત્યારે ફરિયાદપક્ષે ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત પ્રમાણે આરોપીઓ સામેના તમામ આક્ષેપો વાજબી પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરવા પડે અને તેમ કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ જાય તો તેનો લાભ આરોપીઓને મળવા પાત્ર થાય છે.

**(બી)** ઉપરોકત સિધ્ધાંતને નજર સમક્ષ રાખી આ કામમાં પડેલ પુરાવા પરથી હાલના બનાવ માટે આરોપીઓ જવાબદાર છે કે કેમ? તેમજ ફરિયાદ મુજબનો બનાવ બનેલ છે કે કેમ તે બાબતેની તકરારના સંદર્ભમાં પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદપક્ષે સૌપ્રથમ ફરિયાદી ચેતન પ્રતાપજી ઠાકોરને આંક–૦૭થી સોગંદપર તપાસતાં તેઓએ એવો પુરાવો આપેલ છે કે બનાવ તા.૨૯–૦૯–૨૦૨૪ના રોજ બનેલો. તેઓ ધીરજ હાઉસિંગમાં આવેલ મામાના ગલ્લે મસાલો ખાવા માટે ગયેલ તે વખતે રાજન સોનવડે તેમની પાસે આવીને કહેવા લાગેલ કે હાલ મારે પૈસાની જરૂર છે મને તું પૈસા આપ પછી હું

તારા કામ પર આવી જઈશ અને તેઓએ પૈસા આપવાની ના પાડતાં સામાન્ય બોલાચાલી થયેલી. તેથી વિશેષ કાંઈ બનેલ નહીં. તે વખતે આવેશમાં આવી ફરિયાદ આપેલી. આ ફરિયાદ ખોખરા પોલીસ સ્ટેશનમાં આપેલી જે આંક–૦૮થી રજૂ કરેલ છે.

સદરહુ ફરિયાદી ફરિયાદપક્ષના કેસને સમર્થન નહીં આપતાં વિ.એ.પી.પી.શ્રીએ ઉપરોકત સાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાની માંગતા, ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ ૧૫૭ મુજબ વિ.એ.પી.પી.શ્રીની ઉલટતપાસ દરમ્યાન ફરિયાદપક્ષના કેસને કોઈ સમર્થનકારક પુરાવો રજુ થયેલ નથી.

બચાવપક્ષના વિ.વ.શ્રીએ ફરિયાદીની ઉલટતપાસ કરતાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આરોપીઓ સાથે તેઓને સામાન્ય બોલાચાલી થયેલી અને તે સિવાય બીજું કાંઈ બનેલ નહીં. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આરોપીઓએ તેઓને કોઈ ગંદી ગાળો આપેલ નથી કે ગડદાપાટુનો માર મારેલ નથી કે કોઈ હથિયાર વડે મારેલ નથી કે પાઈપ વડે મારેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આરોપીઓએ તેઓને કોઈ હથિયારથી ઈજા પહોંચાડેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે ફરિયાદમાં માત્ર સહી કરેલી અને ફરિયાદમાં શું લખેલ હતું તેની તેઓને ખબર નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે પોલીસે માત્ર તેઓનું નામ સરનામું પુછેલ તે સિવાય બીજું કાંઈ બનેલ નહીં. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓએ ડૉકટર રૂબરૂ કોઈના નામ લખાવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ સમયે આરોપીઓ પાસે કોઈ હથિયાર ન હતાં.

(સી) ફરિયાદપક્ષે તપાસેલા ફરિયાદીના ઉપરોકત પુરાવા તથા બંને પક્ષની દલીલો પરથી એટલું ફલિત થાય છે કે, બનાવ તા.૨૯–૦૯–૨૦૨૪ના રોજ ફરિયાદી ધીરજ હાઉસિંગ સોસાયટી ખાતે આવેલ પાનના ગલ્લે હાજર હતાં ત્યારે આરોપી રાજને ત્યાં આવી ફરિયાદી પાસે પૈસાની માંગણી કરતાં ફરિયાદીએ પૈસા આપવાની ના પાડતાં ફરિયાદી અને આરોપી વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ તે સિવાય બીજું કાંઈ બનેલ નહીં. આરોપીઓએ ફરિયાદીને બિભત્સ

ગાળો આપી ગડદાપાટુનો માર મારી આરોપી નં.૦૨નાએ ફરિયાદીને માથામાં લોખંડની પાઈપ મારી સ્વૈચ્છાપૂર્વક વ્યથા નિપજાવી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી તેમજ હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરેલ હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ ફરિયાદીએ તેમની જુબાનીમાં બનાવ હકીકતને સમર્થનકારી કોઇ પુરાવો આપેલ નથી અને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા સાહેદ જાહેર થયેલ હોય તેઓના પુરાવાથી આંક–૦૮વાળી ફરિયાદ પુરવાર થતી નથી. બચાવપક્ષે ફરિયાદીની ઉલટતપાસ કરેલ છે તેમાં પણ ફરિયાદીએ આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી સિવાય બીજો કોઇ બનાવ બનેલ નહીં અને આરોપીઓએ તેઓને કોઇ ગાળો આપેલ નથી કે ગડદાપાટુનો માર મારેલ નથી કે કોઇ હથિયાર વડે માર મારેલ નહીં હોવાનું સ્વીકારેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૦૯થી ગુનાવાળી જગ્યાના પંચનામાની નકલ, આંક–૧૦થી મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાની નકલ, આંક–૧૧થી ફરિયાદીના ઈજા પ્રમાણપત્રની નકલ અને આંક–૧૨થી હથિયારબંધી જાહેરનામાની નકલ રજૂ કરેલ છે જે બચાવપક્ષે કબુલ કરતાં રજૂ થયેલ છે પરંતુ ફરિયાદપક્ષે તપાસેલા સાક્ષીઓના પુરાવાથી ફરિયાદ હકીકત પુરવાર થયેલ ના હોય આ દસ્તાવેજો ફરિયાદપક્ષને મદદરૂપ થતાં નથી.

(ડી) આમ, સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરતાં, ગઈ તા.૨૯–૦૯–૨૦૨૪ના કલાક સવારના દસેક વાગ્યે ધીરજ હાઉસિંગ ખાતે આરોપીઓએ ફરિયાદીને બિભત્સ ગાળો આપી ગડદાપાટુનો માર મારી આરોપી નં.૦૨નાએ ફરિયાદીને માથામાં લોખંડની પાઈપ મારી સ્વૈચ્છાપૂર્વક વ્યથા નિપજાવી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી તેમજ હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરેલ હોય તેવું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. રેકર્ડ પરના પુરાવાથી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૨૯૬(ખ), ૫૪ અને જી. પી. એકટની કલમ ૧૩૫ના આવશ્યક તત્વોનો અભાવ જણાતો હોય આ અદાલત મુદ્દા નં.૧નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો હુકમ ફરમાવે છે.

**–::/ /હુ ક મ/ /::–**

(૧) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) મુજબ આરોપીઓ નં.(૧) સુખદેવ ઉર્ફે સુખલાલ પ્રકાશભાઈ સોનવણે, ઉ.વ.૪૦, (૨) રાજેશ ઉર્ફે રાજન પ્રકાશભાઈ સોનવણે, ઉ.વ.૩૪, બંને રહે. કાંતિલાલની ચાલી, પ્રવિણ માસ્ટરની ચાલીની બાજુમાં, કંકેશ્વર મહાદેવ મંદિરની પાસે, હરિપુરા, ખોખરા, અમદાવાદ શહેરનાઓને તેમની સામેના આક્ષેપિત ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૨૯૬(ખ), ૫૪ અને જી. પી. એકટની કલમ ૧૩૫ મુજબના શિક્ષા પાત્ર ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) આરોપીઓએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ મુજબ જામીન આપવા.

(૩) અપીલ સમય વિત્યે મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબના બિનકિંમતી મુદ્દામાલનો નાશ કરવો.

(૪) આજ રોજ આરોપીઓ ગેરહાજર હોય આરોપીઓના વિ.વ.શ્રીએ એકઝામ્પશન અરજી રજૂ કરતાં તે મંજુર કરવામાં આવેલ હોય સદર હુકમ ક્રિ.પ્રો.કોડની કલમ ૩૫૩(૬) અન્વયે આરોપીઓની ગેરહાજરીમાં જાહેર કર્યો.

હુકમ આજરોજ તારીખ ૩૦મી માહે એપ્રિલ સને ૨૦૨૫ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**તા.૩૦–૦૪–૨૦૨૫.**
**અમદાવાદ શહેર.**

**(એ. જી. ઓઝા)**
**૧૯મા એડિ. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**(કોર્ટ નં.૧૩) અમદાવાદ શહેર.**
**કોડ નં.જીજે–૦૦૮૩૯**